Department of Education
GOVERNMENT OF WESTERN AUSTRALIA

# નામાંકન માટેની કલેક્શન (માહિતી એકત્રિકરણ) નોટીસ

## કલેકશન (માહિતી એકત્રિકરણ)નો હેતુ

અમે, ધ ડીપાર્ટમેંટ ઓફ એજ્યુકેશન વેસ્ટર્ન ઓસ્ટ્રેલીયા (WA), સાર્વજનિક સ્કૂલ્સમાં વિદ્યાર્થીઓનાં નામાંકનનું સંચાલન કરવા માટે તમારા બાળકની માહિતી એકત્ર કરીએ છીએ. માહિતી તમારા બાળકની સ્કૂલને મદદ કરે છે અને ઓસ્ટ્રેલીયન શૈક્ષણિક વ્યવસ્થામાં યોગદાન આપે છે જે તમામ વિદ્યાર્થીઓ માટે પારદર્શી છે. આ કાર્ય ધ સ્કૂલ એજ્યુકેશન એક્ટ 1999 અને ધ સ્કૂલ એજ્યુકેશન રેગ્યુલેશન્સ 2000 હેઠળ કરવામાં આવે છે.

**નોંધ: આ દસ્તાવેજમાં, 'માતા કે પિતા' અને 'તમે' માં એક બાળકના માતા કે પિતા કે સંભાળ લેનાર, પુખ્ત વ્યક્તિ જે બાળકની રોજીંદી સંભાળ માટે જવાબદાર છે તેનો કે તેમની પોતાની જાતે નામાંકન કરનાર વ્યક્તિનો સમાવેશ થાય છે.**

## નામાંકન માટે એકત્રિત કરાયેલ માહિતી

જયારે તમે એક સાર્વજનિક સ્કૂલમાં તમારા બાળકનું નામ નોંધાવો છો ત્યારે, તમારે નીચેની વ્યક્તિગત વિગતો અને દસ્તાવેજો પૂરા પાડવાની જરૂર રહેશે:

### બાળકની માહિતી

- પૂરું નામ, જન્મની તારીખ અને લિંગ
- નિવાસનું સરનામું અને પરિવારની રહેવાની વ્યવસ્થાઓ
- શું બાળકને એબોરીજીનલ કે ટોરસ સ્ટ્રેટ આઈલેન્ડર તરીકે ઓળખવામાં આવે છે કે કેમ
- ભાષાકીય પૃષ્ઠભૂમિ અને ઘરે બોલાતી ભાષાઓ
- વર્તમાન રસીકરણ અંગેની સ્થિતિ
- અગાઉ હાજરી આપેલ છે તે સ્કૂલ્સ અને શૈક્ષણિક ઈતિહાસ
- શીખવા, આચરણ સંબંધિત કે અન્ય વ્યક્તિગત જરૂરીયાતો
- આરોગ્ય અને તબીબી અવસ્થાઓ (ફોર્મ 1: વિદ્યાર્થીની આરોગ્ય સંભાળની ટૂંકી નોંધ સહીત)
- ઓસ્ટ્રેલીયાની નાગરિકતા કે વિઝાની વિગતો

### માતા કે પિતાની માહિતી

- નામ અને તમારા બાળક સાથેનો સંબંધ
- નિવાસનું સરનામું અને સંપર્કની વિગતો
- ઘરે બોલાતી ભાષાઓ
- શિક્ષણનું સ્તર, શૈક્ષણિક લાયકાતો અને વ્યવસાય

### વધારાની માહિતી

- એવા લોકોનું નામ અને સંપર્કની વિગતો જેમનો સ્કૂલ કટોકટી સમયે સંપર્ક કરી શકે છે
- અદાલતના કે સંભાળના આદેશો કે ઉછેર અંગેના આયોજનો, જો લાગુ પડે તો



Exclusions may apply

## નામાંકન માટે આ માહિતી શા માટે એકત્ર કરવામાં આવે છે

મારી માહિતીનો નીચેની બાબતો માટે ઉપયોગ કરવામાં આવે છે:

- નામાંકન એપ્લીકેશનોનું માપન અને સંચાલન કરવા માટે.
- વિદ્યાર્થીની ઓળખની પુષ્ટિ કરવા માટે.
- વિદ્યાર્થીઓ અને પરિવારો સાથે માહિતીનું આદાન-પ્રદાન કરવા માટે.
- વિદ્યાર્થીના જ્ઞાન, આરોગ્ય અને સુખાકારી, આચરણ અને સલામતીને મદદ કરે છે.
- રાજ્ય, રાષ્ટ્રીય અને આંતરરાષ્ટ્રીય માપનોમાં ભાગ લેવા અને હાજરી આપવા વિદ્યાર્થીઓને સક્ષમ બનાવે છે, જેમાં નીચેનાનો સમાવેશ થાય
    - વર્ષ 3, 5, 7 અને 9 માં NAPLAN
    - પ્રિ-પ્રાયમરી અર્લી ઓસ્ટ્રેલીયન ડેવલપમેંટ સેન્સસ (AEDC)
    - સેકન્ડરી ઓનલાઇન લીટરેસી એન્ડ ન્યુમરેસી એસેસમેન્ટ (OLNA)
    - અશક્તતાવાળા સ્કૂલનાં વિદ્યાર્થીઓ ઉપર નેશનલી કન્સીસ્ટન્ટ કલેકશન ઓફ ડેટા (NCCD)
    - કોઇપણ અન્ય નિર્દેશિત માપનો અને જાણકારી
- WA સ્ટુડન્ટ નંબર (WASN) અને સ્માર્ટરાઇડર કાર્ડસ જેવા વિદ્યાર્થીની ઓળખ કરનારી બાબતોનું સંચાલન કરવા
- શૈક્ષણિક નીતિ, આયોજન, વ્યૂહ અને સંશોધનની જાણ કરવા માટે
- તમારા બાળકની જરૂરીયાતોને પૂર્ણ કરવા માટે મદદ, સેવાઓ, કાર્યક્રમો અને નાણાકીય જોગવાઈ પૂરી પાડવા માટે.

જો અમે વ્યક્તિગત માહિતી એકત્ર કરીએ નહીં તો, તે વિદ્યાર્થીને જોખમમાં મૂકી શકે છે અને યોગ્ય શૈક્ષણિક આયોજનો અને મદદ પૂરું પાડવાનું વધુ મુશ્કેલ બનાવી શકે છે. તેનો એવો પણ અર્થ થઇ શકે છે કે અમે અમારી કાનૂની જવાબદારીઓ પૂર્ણ કરી શકતા નથી.

## અમે નામાંકન માહિતીનો કેવી રીતે ઉપયોગ કરીએ છીએ અને શેર કરીએ છીએ

અમે માત્ર જે હેતુ માટે તેને એકત્ર કરવામાં આવે છે તે હેતુ માટે જ અને જ્યારે કાયદો તેની અનુમતિ આપે છે કે ફરજ પાડે છે ત્યારે જ તમારા બાળકની નામાંકન માહિતીનો ઉપયોગ કરીએ છીએ અને શેર કરીએ છીએ.

અમે નીચેની વ્યક્તિઓ સાથે તમારા બાળકની નામાંકન માહિતી શેર કરી શકીએ છીએ:

- અન્ય WA સાર્વજનિક સ્કૂલ જ્યારે તમારું બાળક સ્કૂલ્સ બદલે છે, જેમ કે જ્યારે:
    - તમારું બાળક વર્ષ 6 થી વર્ષ 7 માં ટ્રાન્સફર થાય છે ત્યારે
    - તેઓ શાળા દ્વારા આયોજિત વૈકલ્પિક શૈક્ષણિક કાર્યક્રમમાં ભાગ લે છે ત્યારે
- તેઓની નવી બિન-સરકારી સ્કૂલ કે આંતર રાજ્ય સ્કૂલને, જો તમે અનુમતિ પૂરી પાડો તો
- આરોગ્ય, કલ્યાણ અને/અથવા કાનૂની અનુપાલન અને બાળ સુરક્ષા કાયદાઓ માટે સરકારી સંસ્થાઓ.

અમે એકત્ર કરીએ છીએ તે વ્યક્તિગત માહિતીનો સ્થાનિક રીતે, ઓસ્ટ્રેલીયાની અંદર, અમારી વિદ્યાર્થી માહિતી સીસ્ટમમાં સંગ્રહ કરવામાં આવે છે અને તે અમારી માહિતી અને સંદેશાવ્યવહાર ટેકનોલોજીઓની નીતિઓને અનુસરે છે.

વ્યક્તિગત માહિતી એકત્ર કરવામાં આવે છે, નિયંત્રિત કરવામાં આવે છે અને અમારી રેકોર્ડ્સ મેનેજમેન્ટ પોલીસી અને ધ સ્ટેટ રેકોર્ડ્સ એક્ટ *2000*નું પાલન કરીને તેનો નિકાલ કરવામાં આવે છે.

## તમારા હક્કો - નામાંકન માહિતીનો ઉપયોગ અને સુધારવા અંગેના

તમે તમારા બાળકની સ્કૂલનો સંપર્ક કરી શકો છો, જો તમે:


D25/0947747
[Publish date]
Exclusions may apply

- તમે પૂરી પાડેલી નામાંકન સંબંધિત માહિતી જોવા કે અપડેટ કેવા માંગતા કરવા તો
- તમારા બાળકની નામાંકન સંબંધિત માહિતીનો કેવી રીતે ઉપયોગ અને સંગ્રહ કરવામાં આવે છે તે અંગે ચિંતાઓ ધરાવતા હોવ તો.

એક વિદ્યાર્થીનાં  સમગ્ર શાળા કાળ દરમિયાન વ્યક્તિગત માહિતી અંગેની નવીન માહિતીઓને વિદ્યાર્થીના નામાંકન રેકોર્ડ તરીકે ધ્યાનમાં લેવામાં આવે છે.

## વધુ માહિતી

અમે તમારી માહિતીનું કેવી રીતે રક્ષણ કરીએ છીએ તે અંગે વધુ જાણવા માટે, Privacy અંગેના અમારી વેબસાઇટનાં પેજની મુલાકાત લો.


Exclusions may apply